## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અંકલ.. જીન્સ જોઈ લીધા છે.. તમારૂ ઓનલાઈન સેલીંગ એડ્રેસ આપો.. ત્યાંથી જ ઓર્ડર કરીશ.. ચુનો મને ઓફ લાઈન ખરીદી કરવામાં જરા પણ વિશ્વાસ નથી પડતો..!!







ગાંધીનગરના ઈન્ફોસીટીથી કોબા તરફના મુખ્ય માર્ગની બંને તરફ વિકસેલા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો છે. આ વિકાસના કારણે અહીં વાહનોની સંખ્યા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. કુડાસણના પ્રમુખ આર્કેટ તથા રાધે આર્કેટ જેવા મોટા શોપિંગ સેન્ટરની આસપાસ વિકસેલા રહેણાંકોના કારણે અહીં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા ઉદ્‌ભવી રહી છે. વળી વાહનચાલકોના અણધડ પાર્કિંગના કારણે પણ આ સમસ્યા રહીશો માટે વધુ માથાનો દુઃખાવો બનતી જાય છે.

# અરિહંત હોમિયોપેથી હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી રોટરી ક્લબ કલોલ, અરિહંત હોમિયોપેથી હોસ્પિટલ અને આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૧૦-૨૦૧૬ બુધવારના રોજ વિનસ કોલેજ કેમ્પસ, ગાંધીનગર ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ રક્તદાન શિબિરમાં કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સ્ટાફ અને આમંત્રિત લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રક્તદાનને લઈને ઘણી આતુરતા દેખાઈ હતી. લગભગ ૨૦૦ જેટલા રક્તદાતાએ આ રક્તદાન શિબિરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ રક્તદાન શિબિર માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીમાંથી દિલીપભાઈ દવે, મંત્રી તથા રોટરી ક્લબ કલોલમાંથી જસવંતભાઈ ગજ્જર, પ્રમુખ અને ભક્તિભાઈ પ્રજાપતિ પ્રોજેક્ટ ચેરમેન તથા એમની ટેકનીકલ ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં દિલીપભાઈ દવે જણાવે છે કે રક્તદાન શિબિરનું આયોજન આવી રીતે વિવિધ કોલેજોમાં થવું જોઈએ જેનાથી યુવાનોમાં રક્તદાન પ્રતિ જાગૃતતા વધે છે. રક્તદાન એ મહાદાન છે. કેમ કે જો તમે રક્તદાન કરશો તો એનાથી તમે કોઈકની જીંદગી બચાવી શકો છો.

## બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપ મુંબઈ દ્વારા ૨૫મો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૧૯

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીનભાઈ રાવલના જણાવ્યા મુજબ બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપ મુંબઈ દ્વારા તા. ૨૫મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ૨૫મો જીવનસાથી પસંદગી મેળો મુંબઈ ખાતે યોજવામાં આવશે. આ મેળામાં ગ્રેજયુએટ અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ બ્રહ્મ સમાજના ૧૦૦૦ યુવક યુવતીઓ ભાગ લેનાર છે. ગાંધીનગર અને ગુજરાતમાં વસવાટ કરતા લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓને આ મેળામાં જોડાવા માટેનું ફોર્મ શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સે-૧૬ ખાતેથી મળી શકશે. સંપુર્ણ વિગતો ભરી ફોર્મ તા. ૨૫ નવેમ્બર ૨૦૧૬ સુધીમાં પરત કરવાનું રહેશે.

# ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા નિમણુંક પામેલ કોચીઝનો રેસીડેન્શીયલ તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું છે કે, રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય દાખવી ગુજરાતનું નામ રોશન કરે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે રાજ્યમાં વિવિધ રમતો માટે ૮૪થી વધુ કોચીઝની ભરતી કરવામાં આવશે.

ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા નિમણૂક પામેલા કોચીઝ માટે યોજાયેલા ૧૫ દિવસીય રેસીડેન્શીયલ તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા બાદ મંત્રી શ્રી ત્રિવેદીએ ઉમેર્યું હતું કે, રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત થાય અને વધુ તાલીમ મળે તે માટે રાજ્ય સરકારે ખેલકૂદ નીતિ જાહેર કરી છે. જે અંતર્ગત કોચીઝની ભરતી તથા યુવાનોને વિશિષ્ટ તાલીમ માટે તાલીમ કાર્યક્રમો સહિત શિષ્યવૃત્તિ તથા રમતગમતના સાધનો સહિત આનુષાંગિક સવલતો પણ રાજ્ય સરકાર પૂરી પાડે છે ત્યારે યુવાનો તેનો બહુધા પ્રમાણમાં લાભ લઈ ગુજરાત અને દેશને ગૌરવ અપાવે તે જરૂરી છે. તેમણે તાલીમમાં આવેલા કોચીઝ સાથે કોચીઝની ભૂમિકા, તાલીમાર્થી રમતવીરો સાથેનો અભિગમ, રમતગમત ક્ષેત્રે કૌશલ્યપૂર્વક ચોક્કસ લક્ષ્યાંક, ધ્યેય સાથેની નીતિ પદ્ધતિ તેમજ નૈતિક મૂલ્યો અંગે સવિસ્તૃત ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ શ્રી સંદીપ પ્રધાને કાર્યક્રમ અને તાલીમ અંગેની વિગતો આપતાં કહ્યું કે, ગુજરાતમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તક જુલાઈ-૨૦૧૬પથી કાયમી ધોરણે કોચની નિમણુક કરવામાં આવી છે. જે ૧૯૯૩ પછી સૌ પ્રથમ વાર નિમણુકો અપાઈ છે. જેમાં વિવિધ ૨૦ રમતો માટે ૧૩ બહેનો અને ૨૯ ભાઈઓ સાથે કુલ ૪૨ કોચની નિમણુકો કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સ્પોર્ટસ યુનીવર્સિટી દ્વારા નિમણુક પામેલ આ કોચીઝનો તાલીમ વર્ગ ૧૫ દિવસનો હતો. જેમાં ૪૨ કોચીઝે ભાગ લીધો હતો.

## ઘરફોડ ચોરીઓ અટકાવવા

# થાણા ઈન્ચાર્જે ફરજીયાત નાઈટ પેટ્રોલિંગ કરવા એસ.પી ની સુચના

### એક મહિનામાં ૨૫થી વધુ નાની-મોટી ચોરીઓ થઈ : સઘન વાહન ચેકિંગ કરવા આદેશ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં વધેલી ઘરફોડ ચોરીઓને ગંભીરતાથી લઇને જીલ્લા પોલીસ અધિક્ષકે સંબંધીત થાણા ઇન્ચાર્જનાં ક્લાસ લઇ લીધા હતા. ઘરફોડ અટકાવવા માટે સઘન વાહન ચેકિંગ કરવા ઉપરાંત નાઇટ પેટ્રોલીંગ અસરકારક કરવા કડક સુચનાઓ આપી થાણા ઇન્ચાર્જે ખાસ નાઇટ પેટ્રોલીંગમાં રહેવા એસ.પી એ આદેશ આપ્યા છે. તહેવારો આવી રહ્યા હોવાથી આ સમયમાં ઘરફોડ ચોરીઓને નિયંત્રિત કરવા ખાસ એક્શન પ્લાન બનાવવાની પણ તૈયારી કરવામાં આવી છે.

દિવાળીના તહેવારોમાં રજાઓને પગલે શહેરનાં મોટાભાગનાં પરિવારો મકાનને તાળા મારીને બહાર ગામ જતા રહેતા હોય છે અને આ તકનો લાભ ઘરફોડીયાઓ લઇ લેતા હોય છે. હાલની સ્થિતી મુજબ દિવાળીની રજાઓ પહેલા જ ઘરફોડ વધી ગઇ છે તો દિવાળીના સમયમાં પરીસ્થિતી વધુ બેકાબુ ન બને તે માટે એસ.પી એ સંબંધીત તમામ થાણા ઇન્ચાર્જનાં ક્લાસ લીધા હતા. ઓછામાં ઓછા રાત્રે ૩ વાગ્યા સુધી તમામ થાણા ઇન્ચાર્જ એ નાઇટ પેટ્રોલીંગમાં જોડાઇ અસરકારક પેટ્રોલીંગ કરાવવા આદેશ આપ્યા છે. તે ઉપરાંત રાત્રે શહેરનાં પ્રવેશદ્વારો પર સઘન વાહન ચેકીંગ કરવા પણ સુચના આપી દેવામાં આવી છે. ગાંધીનગર જીલ્લામાં એક મહિનામાં નાની-મોટી ૨૫ થી વધુ ચોરીઓ થતા એસ.પીએ આ બાબતને ગંભીરતાથી લઇ થાણા ઇન્ચાર્જને બોલાવીને આગામી રજાઓમાં ઘરફોડીયાઓ બેફામ ન બને તેની તકેદારી માટે સુચનાઓ આપી હતી અને દિવાળી વેકેશન માટે પણ એક્શન પ્લાન બનાવવા તાકીદ કરી છે.

# વર્તમાન વર્ષ ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મશતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના આ જન્મશતાબ્દી વર્ષને રાજ્યમાં ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ વર્ષ દરમિયાન રાજ્ય સરકારના વિવિધ વિભાગો ગરીબોને સહાય-મદદ દ્વારા ગરીબીમાંથી ઉપર લાવવાના અનેકવિધ ગરીબ કલ્યાણ અભિયાન ઉપાડશે.

આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અને ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ રાજ્ય સરકારના આ ગરીબ કલ્યાણ ઉજવણી વર્ષની વિશદ ભૂમિકા આપી હતી.

ગરીબને માત્ર ગરીબ નહિં રાખતા આર્થિક આધાર-સન્માન આપવા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાનો જે અભિનવ પ્રયોગ ગુજરાતમાં કર્યો તેની પરિપાટીએ આઠ તબક્કામાં ૧૩૪૮ રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧ કરોડ ૪ લાખ ગરીબ-દરિદ્રનારાયણોને ૧૬,૩૯૧.૮૨ કરોડની સહાય-લાભ હાથોહાથ પહોંચાડ્યો છે.

આ વર્ષે અત્યાર સુધીમાં નવમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૪.૮૮ લાખ વંચિતો-દરિદ્રનારાયણોને ૯૫ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૩૮૬૨ કરોડની સાધન-સહાય આપી છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

આ સંવેદનશીલતાની પ્રતીતિ કરાવતાં મુખ્યમંત્રીએ રાજ્યની નિરાધાર-વિધવા બહેનોને મળતા પેન્શનમાં પણ ૧ નવેમ્બર-૨૦૧૬થી વધારો કરીને રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવાનો નિર્ણય કર્યો છે.

અતિગરીબ-જરૂરતમંદ લોકોના મૃતદેહ લઈ જવાની વ્યવસ્થા માટે રૂ. ૧૦ પ્રતિ કિ.મી.ની મર્યાદામાં રાજ્ય સરકારના ખર્ચે વાહન વ્યવસ્થા માટે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ અથવા સ્થાનિક કક્ષાએ મામલતદારને નિર્ણય કરવાની સુચનાઓ આપવામાં આવી છે.

મંત્રીઓએ જણાવ્યું કે વનવાસી બાંધવો-શ્રમિકો પરિવારોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળતા સિક્સેલ એનિમિયાના આનુવાંસિક રોગની સારવાર માટે આવા દર્દીઓને પ્રતિમાસ રૂ. ૫૦૦ની નાણાંકીય તબીબી સહાય ઉપરાંત પૌષ્ટિક આહાર-ફળફળાદી માટે આપવા સાથે જ સુરત, વલસાડ, નવસારી, વડોદરા અને અમદાવાદમાં સિકલસેલની સારવાર માટે વિશેષ સુવિધાયુક્ત અલાયદા વોર્ડ પણ હોસ્પિટલમાં શરૂ કર્યો છે.

# પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ઈજનેરો માટે તાલીમ વર્કશોપ યોજાયો

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા નોલેજ કન્સોટ્રીયમ ઓફ ગુજરાત ખાતે એક દિવસીય ટ્રેનીંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા દ્વારા આયોજિત તાલીમની શરૂઆત તુષાર ધોળકીયા, આઈ.એ.એસ. જે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સભ્ય સચિવ છે તેમજ જલસેવા તાલીમ સંસ્થાના નિયામક પણ છે તેમના કાર્યક્રમની શરૂઆત ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાની પરંપરા મુજબ રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી.

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા નોલેજ





કન્સોટ્રીયમ ઓફ ગુજરાત ખાતે એક દિવસીય ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય ઈજનેર, અધિક્ષક ઈજનેર, કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ, મીકેનીકલ)ના આશરે ૩૦૦થી વધુ અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી.

ટ્રેનીંગના વક્તાઓનો ટુંકો પરિચય વિનોદ બી. નગાઈચ, કાર્યપાલક ઈજનેર, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા દ્વારા આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના પ્રથમ ચરણમાં એયર માર્શલ પી.કે. દેસાઈ ‘લીડરશીપ’ બાબતે તાલીમ આપવામાં આવી હતી. જ્યારે એયર કોમોડર ધરમવીર દ્વારા યોદ્ધાનો વિજય સંબધિત વ્યાખ્યાન આપવામાં આવેલ. એયર માર્શલ પી.કે. દેસાઈ પરમ વિશિષ્ટ સેના મેડલ, અતિ વિશિષ્ટ સેના મેડલ અને વિશિષ્ટ સેના મેડલથી સન્માનિત થયેલ છે. જ્યારે ધરમ વીરને ચીફ ઓફ એયર સ્ટાફ દ્વારા સેવા દરમ્યાન વિશિષ્ટ સન્માન આપવામાં આવ્યું હતું. ઉપરોક્ત બંને અધિકારીઓ વાયુસેનામાંથી નિવૃત્ત થયેલ છે.

કાર્યક્રમના બીજા ચરણમાં જાણીતા ટ્રેનર, ફેસીલીટેટર, મોટીવેર અને કન્સલ્ટન્ટ દિપક તૈરૈયા દ્વારા ફાઈલ વર્સીસ લાઈફ વિષયે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ તાલીમમાં વિવિધ સંવર્ગના ઈજનેરો જોડાયા હતા. કાર્યક્રમના સમાપનમાં ડી.જી. રામચંદાણી સંયુક્ત નિયામક ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સે-૩-ન્યુમાં આંગણવાડી શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ ખાતે હાલ આંગણવાડી ના હોવાથી આ સેક્ટરના ભુલકાઓને પાયાના શિક્ષણ માટે દૂર જવુ પડી રહ્યું છે. શહેરના મ્યુનિશિપલ કોર્પોરેશનના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ આ સેક્ટરના વસાહતીઓ પોતાના ભુલકાંઓના શિક્ષણ અંગે ચિંતિત બન્યા છે. સે. ૩-એ-ન્યુમાં આંગણવાડી માટે જગ્યા ના હોઈ ભાડાના સરકારી મકાનમાં પણ જો આંગણવાડી ચાલુ કરાય તો વસાહતીઓને રાહત રહે તેવી કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરાઈ છે. દરેક બાળકને પાયાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તો તેનો વિકાસ સારો થાય અને તેના વાલીને પણ બાળકની ચિંતા ના રહે. આ બાબતે કોર્પોરેટર પાયલબેન મેણાતની રજૂઆતથી વસાહતીઓમાં આશાનું કિરણ જાગ્યું છે. તેમણે નિયમાનુસાર સે. ૩-ન્યુ ખાતે આંગણવાડી મંજુર કરવા કાર્યવાહી હાથ ધરવા માંગ કરી છે.

## પેથાપુર ચાર રસ્તા પર મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવા રાજપૂત સમાજની માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા રાજપૂત યુવા વિકાસ પરિષદે પેથાપુર ચાર રસ્તા પર મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની માંગ કરી છે. સંસ્થાના પ્રમુખ જયદિપસિંહ વાઘેલાએ જણાવ્યુ છે કે પેથાપુર ચોકડી તરીકે ઓળખાતા વિસ્તારનો વિકાસ જે ગતિએ થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી સરકારે આ નિર્ણય સત્વરે લેવો જોઈએ. સરકાર જો આ અંગે સકારાત્મક અભિગમ નહિ દાખવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરી અને જરૂર પડ્યે વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવા સહિતના માર્ગો અપનાવવાની ફરજ પડશે.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા ગાંધીનગરમાં ભારતના વીર શિરોમણી મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની માંગણી ઘણા વર્ષો પહેલા મુકવામાં આવેલ છે. જેનો આજ દિન સુધી કોઈ સંતોષકારક પ્રતિભાવ અમારા સમાજને મળેલ નથી. મહારાણા પ્રતાપે કોઈ કોમના કે રાજકીય પક્ષના નહી પરંતુ સમગ્ર રાષ્ટ્રની શૌર્ય અને સ્વભિમાનના પ્રતિક છે. જેમની આ પ્રતિમા થકી આવનાર પેઢી તેમાંથી પ્રેરણા લઈ દેશને ગૌરવશાળી બનાવે તે હેતુસર અમોએ આ માંગણી કરેલ છે તેઓએ કરેલા આ દેશ માટેના બલિદાનથી સમગ્ર દેશ સુવિદિત છે.

જેથી ગાંધીનગરમાં આ પ્રતિમા સ્થાપવા અમારા સમાજને સત્વરે પરવાનગી આપવા અને જો ગાંધીનગરમાં આ પ્રતિમા મુકવા સરકાર પાસે કોઈ જગ્યા ન હોઈ તો આ પ્રતિમા પેથાપુર ચાર રસ્તા સર્કલ ઉપર સ્થાપિત કરવા અમોને મંજુરી આપશો કારણ કે પેથાપુર એ ઐતિહાસિક ગામ છે અને ઉત્તર ગુજરાતનું પ્રવેશ દ્વારા છે. જેથી અમોને મહારાણા પ્રતાપની પ્રતિમા પેથાપુર ચાર રસ્તા સર્કલ ઉપર સ્થાપિક કરવા પરવાનગી આપવામાં આવે તેવી સ્પષ્ટ માંગ છે. જો રાજપૂત સમાજની આ માંગણી સંતોષવામાં નહી આવે તો રાજપૂત સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તેમજ આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની અમોને ફરજ પડશે.



શહેરમાં સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા રહીશોમાં રોષ ભભુક્યો છે. સે-૨૩,૨૪,૨૫ ૬૦ ટકા જેટલા સ્ટ્રીટ લાઇટના પોલ્સ બંધ હાલતમાં છે. સાંજ ઢળતા જ સેકટરોમાં અંધારપટ્ટ છવાઇ જાય છે. રહીશો દિશાવિહીન બને છે. મહીલાઓમાં ભય પ્રવર્તે છે. અંધારપટ્ટના લીધે અસામાજિક તત્વો તેમજ તસ્કરી વૃતિને પ્રોત્સાહન મળ્યુ છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા પણ કોઇ પગલા ન લેવાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે.વોર્ડ નં-૪ ના કોર્પોરેટર અંકિત બારોટ સહીત રહીશોએ આજે પાટનગર યોજનાના વિદ્યુત વિભાગ સમક્ષ બંધ સ્ટ્રીટ લાઇટો ચાલુ કરવા માટે ઉગ્ર રજુઆત કરી હતી. સ્ટ્રીટ લાઇટની સમસ્યાનુ યોગ્ય નિરાકરણ નહીં આવે તો સ્થાનિક વસાહતીઓ દ્વારા આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

## દલિતસેનાની બેઠક અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદેશ દલિત સેનાની એક અગત્યની બેઠક તા. ૨૧-૧૦-૨૦૧૬ના રોજ બપોરે ૨ કલાકે,સ્વસ્તીક સુપર માર્કેટ, ચોથા માળ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લાના તમામ હોદ્દેદારો, કાર્યકરોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા પ્રમુખ લાલુભાઈ એચ. મેસરવાલાએ જણાવેલ છે.